# 212 કરોડના સાયબર ફ્રોડમાં 4 ઝડપાયા



**ડીસીપી** બિશાખા જૈનની ટીમની ટેકનિકલ વર્કઆઉટથી કાર્યવાહી

**અગાઉ** એક આરોપી ઝડપાઇ ચૂક્યો છે

સુરત:રૂ.212.87 કરોડના સાયબર ફ્રોડનો સુરત સાયબર સેલે પર્દાફાશ કર્યો છે. અમરોલી વિસ્તારમાંથી કૌભાંડને ઓપરેટ કરતાં ચાર આરોપીને ઝડપી લેવામાં આવ્યા છે.

ગયા વર્ષે સાયબર સેલે આ પ્રકરણમાં પ્રવિણભાઈ જીલુભાઈ ધાધલનની ધરપકડ કરી હતી. તેની પાસેથી કુલ રૂ.29,000નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. તે સમયે 212.87 કરોડનો ખુલાસો થયો હતો.

## પકડાયેલા આરોપીઓની કરમકુંડળી



**(1) અંકિતપરી ગોરધનપરી** ગોસ્વામી (ઉ.વ. ૨૮, અભ્યાસ: ધોરણ-૦૮ સુધી, ધંધો: નોકરી, રહે.: ફ્લેટ નં. A/૧૦૪, જય અંબે પેલેસ, સીતાનગર ચોકડી પાસે, પુણા ગામ, સુરત, મૂળ રહે.: ગામ મોટા ખુંટવડા, તા. મહુવા, જી. ભાવનગર.)

**ભૂમિકા :** HDFC બેંક, RBL બેંક અને DCB બેંકમાં કુલ ત્રણ સેવિંગ બેંક એકાઉન્ટ ખોલાવ્યા હતા. આ એકાઉન્ટો કમિશનના આધારે સાયબર ફ્રોડના ગુના આચરતી ગેંગના નાસતા ફરતા આરોપીઓને ઉપયોગ માટે આપ્યા હતા. બદલામાં તેણે દરેક એકાઉન્ટના રૂ. ૩૦,૦૦૦ મુજબ કુલ રૂ. ૯૦,૦૦૦ કમિશન મેળવ્યું હતું. આ ત્રણ એકાઉન્ટોમાં કુલ રૂ. ૮૮,૩૨,૦૫૪ના શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન નોંધાયા છે. સાયબર ક્રાઇમ રિપોર્ટિંગ પોર્ટલ પર તપાસ કરતા આ એકાઉન્ટો સામે જુદી જુદી જગ્યાએથી કુલ ૦૫ ફરિયાદો નોંધાયેલી હોવાનું ખુલ્યું છે.



**(2) ચેતનભાઇ પ્રફુલભાઇ** લિંબાણી (ઉ.વ. ૩૨, અભ્યાસ: ધોરણ-૧૦, ધંધો: વેપાર, રહે.: સ્ટાર પેલેસ, ક્રિષ્ના રેસિડેન્સી સામે, જૂનો કોસાડ રોડ, અમરોલી, સુરત, મૂળ રહે.: ગામ આંકોલવાડી (ગીર), તા. તાલાલા, જી. ગીર સોમનાથ.)

**ભૂમિકા :** Indian Bank, Bank of Maharashtra અને IDFC First Bankમાં કુલ ત્રણ કરંટ બેંક એકાઉન્ટ ખોલાવી, કમિશન ઉપર સાયબર ફ્રોડ કરતી ગેંગના અગાઉ પકડાયેલ આરોપી પ્રવિણ ધાંધલનાને ઉપયોગ માટે આપ્યા હતા. આ બદલામાં તેણે દરેક એકાઉન્ટના રૂ. ૧,૦૦,૦૦૦ મુજબ કુલ રૂ. ૩,૦૦,૦૦૦ કમિશન મેળવ્યું હતું. આ ત્રણ એકાઉન્ટોમાં કુલ રૂ. ૭,૫૨,૨૮,૯૪૦ના ટ્રાન્ઝેક્શન મળ્યા છે. સાયબર ક્રાઇમ પોર્ટલની તપાસમાં આ એકાઉન્ટો સામે કુલ ૦૭ અલગ અલગ ફરિયાદો નોંધાયેલી હોવાનું સામે આવ્યું છે.



**(3) બીપીનભાઇ અશોકભાઇ** સાવલિયા (ઉ.વ. ૩૨), અભ્યાસ: ધોરણ-૧૦, ધંધો: મજૂરી, રહે.: ઘર નં. ૧૮૪, નારાયણનગર, બાપા સીતારામ ચોક, સીમાડા ગામ, પુણાગામ, સુરત, મૂળ રહે.: ગામ ઝરખીયા, તા. લાઠી, જી. અમરેલી.)

**ભૂમિકા :** HDFC બેંક, RBL બેંક, YES બેંક અને KOTAK બેંકમાં કુલ ચાર સેવિંગ બેંક એકાઉન્ટ ખોલાવી, કમિશન ઉપર સાયબર ફ્રોડ આચરતી ગેંગના નાસતા ફરતા આરોપીઓને વાપરવા માટે આપ્યા હતા. તેણે દરેક એકાઉન્ટના રૂ. ૩૦,૦૦૦ મુજબ કુલ રૂ. ૧,૨૦,૦૦૦ કમિશન મેળવ્યું હતું. તપાસ દરમિયાન આ એકાઉન્ટોમાં કુલ રૂ. ૪૦,૩૪,૩૫૯ના શંકાસ્પદ નાણાકીય વ્યવહારો નોંધાયા છે. સાયબર ક્રાઇમ રિપોર્ટિંગ પોર્ટલ મુજબ આ એકાઉન્ટો સામે કુલ ૦૨ ફરિયાદો નોંધાયેલી છે.



**(4) અજયભાઇ ગોરધનપરી** ગોસ્વામી (ઉ.વ. ૩૧, અભ્યાસ: બી.કોમ., ધંધો: નોકરી, રહે.: ઘર નં. ૧૧૭, સીતાનગર સોસાયટી, સીતાનગર ચોકડી પાસે, પુણાગામ રોડ, સુરત, મૂળ રહે.: ગામ મોટા ખુંટવડા, તા. મહુવા, જી. ભાવનગર.)

**ભૂમિકા :** IDBI બેંક અને Bank of Baroda માં કુલ બે કરંટ બેંક એકાઉન્ટ ખોલાવી, કમિશનના બદલે સાયબર ફ્રોડ કરતી ગેંગના નાસતા ફરતા આરોપીઓને ઉપયોગ માટે આપ્યા હતા. તેણે દરેક એકાઉન્ટના રૂ. ૧,૦૦,૦૦૦ મુજબ કુલ રૂ. ૨,૦૦,૦૦૦ કમિશન મેળવ્યું હતું. આ બે એકાઉન્ટોમાં કુલ રૂ. ૨,૬૪,૭૩,૮૬૬ના ટ્રાન્ઝેક્શન નોંધાયા છે. સાયબર ક્રાઇમ રિપોર્ટિંગ પોર્ટલ પર તપાસ કરતા આ એકાઉન્ટો સામે કુલ ૦૪ ફરિયાદો નોંધાયેલી હોવાનું બહાર આવ્યું છે.

### બોગસ કચેરી ઊભી કરી હતી



“પકડાયેલા આરોપીના એકાન્ટમાં કુલ રૂ. ૨૧૨,૮૭,૯૭,૯૭૪ના વ્યવહારો થયા છે. વિવિધ રાજ્યોમાંથી આ એકાઉન્ટોને લઈને કુલ ૪૧૦ અલગ અલગ ફરિયાદો નોંધાયેલી છે. દેશભરમાં ભોગ બનનારાઓ સાથે કુલ રૂ. ૪૦,૫૪,૧૪,૨૩૮ ની ઠગાઈ આચરવામાં આવી છે. બહારથી બધું કાયદેસર લાગે તે માટે તેમણે ખોટું ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ઓફિસ જેવી ગોઠવણી ઊભી કરી હતી. ડીસીપી બિશાખા જૈને જણાવ્યું મુજબ, બેંકના અધિકારીઓ જ્યારે સ્થળ પર તપાસ માટે પહોંચતા, ત્યારે આરોપીઓ તાત્કાલિક કામચલાઉ વ્યવસ્થા કરી દેતા. ટેબલ-ફુરસી, ફાઇલ, બોર્ડ અને કર્મચારીઓની હાજરીથી એવું વાતાવરણ બનાવાતું કે જાણે સાચું કાર્યાલય ચાલી રહ્યું હોય. આ ગોઠવણીને કારણે બેંક સ્ટાફને કોઈ શંકા ન જાય અને તપાસ માત્ર દેખાવ પૂરતી રહી જાય તેવો ઉદ્દેશ હતો.

**- શ્રીમતિ બિશાખા જૈન, ડીસીપી સાયબર સેલ સુરત**

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ 23મીએ રત્નમાલા બ્રિજ ખુલ્લો મૂકે તેવી શક્યતા

સુરતઃ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આગામી 23મી જાન્યુઆરીના રોજ સુરતની મુલાકાતે આવશે. આ પ્રવાસ દરમિયાન તેઓ કતારગામ ઓડિટોરિયમ ખાતેથી સુરત મહાનગરપાલિકાના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોના ખાતમુહૂર્ત તેમજ લોકાર્પણ કરે તેવી શક્યતા છે. મુખ્યમંત્રીના હસ્તે કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા પ્રોજેક્ટ્સ જનતાને સમર્પિત થાય તેવી સંભાવના છે. આ મુલાકાતનું સૌથી મહત્ત્વનું આકર્ષણ રત્નમાલા ફ્લાયઓવર બ્રિજ રહેશે. લાંબા સમયથી વિવાદો અને ટેકનિકલ કારણોસર અટવાયેલા આ બ્રિજનો કાંસાનગરથી અમરોલી જતો રેમ્પ આખરે મુખ્યમંત્રીના હસ્તે ખુલ્લો મૂકવામાં આવશે. આ રેમ્પ શરૂ થવાથી કતારગામ અને અમરોલી વચ્ચેનો વાહનવ્યવહાર અત્યંત સરળ બનશે અને હજારો વાહનચાલકોને ટ્રાફિકની ગંભીર સમસ્યામાંથી મુક્તિ મળશે. વહીવટી તંત્ર દ્વારા મુખ્યમંત્રીના આગમન અને લોકાર્પણ કાર્યક્રમને લઈને તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

## બીમારીઓથી કંટાળી વૃદ્ધે 50થી વધુ બ્લડપ્રેશરની દવા ખાઈ આપઘાત કર્યો

સુરતઃ ભાવનગરના વતની અને હાલ કતારગામ મગનનગર-2માં આવેલા સરદાર કોમ્પ્લેક્સમાં 57 વર્ષીય જાદવભાઈ જીવતભાઈ દમરાડિયા પરિવાર સાથે રહેતા હતા. જાદવભાઈ છેલ્લા ઘણા સમયથી બ્લડપ્રેશર સહિતની બીમારીથી પીડાતા હતા. જે બીમારીથી કંટાળી અંતે ગત 18મી જાન્યુઆરીએ સવારે ઘરમાં બ્લડપ્રેશરની એકસાથે 50 જેટલી દવા ખાઈ લેતા સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યાં આજે વહેલી સવારે સારવાર દરમિયાન જાદવભાઈનું મોત થયું હતું. જાદવભાઈએ બીમારીથી કંટાળી અંતિમ પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું.

## ઉમરવાડામાંથી 40 હજારના ગાંજા સાથે મહિલા ઝડપાઇ

સુરત : પૂણા પોલીસે ઉમરવાડા સ્થિત રાજીવ નગર ઝૂંપડપટ્ટીમાંથી અંદાજે રૂ.39,950ની કિંમતના ગાંજા સાથે મહિલાને ઝડપી પાડી છે. ઉમરવાડા રાજીવ નગર ઝૂંપડપટ્ટી, સાંઇબાબા વાળી ગલીમાં આવેલા ઘર નં.239ના ગ્રાઉન્ડ ફ્લોરના રૂમમાં રહેતી ચંપાદેવી ધર્મેન્દ્રસિંહ રાજપૂત (ઉ.વ. 40, રહે. રાજીવ નગર ઝૂંપડપટ્ટી, સાંઇબાબા ગલી, ઉમરવાડા, સુરત, મૂળ વતનઃ ગામ નદીરામપુર, થાણા મણીયાહુ, તાલુકો પાલીબજાર, જિલ્લો જોનપુર, ઉત્તર પ્રદેશ)ને ત્યાં દરોડો પાડ્યો હતો. ત્યાંથી પોલીસને અંદાજિત રૂ.39,950ની કિંમતનો 0.799 કિલો ગાંજો મળી આવ્યો હતો. જેથી પોલીસે તેની ધરપકડ કરી ગાંજો સપ્લાય કરનારને વોન્ટેડ જાહેર કર્યો છે.

## મોટા વરાછામાં કામ બાબતે ઠપકો આપતા યુવકે તાપીમાં પડતું મૂક્યું

સુરતઃ મોટા વરાછામાં કામ બાબતે ઠપકો આપતા યુવકે તાપી નદીમાં પડતું મૂકીને આપઘાત કરી લીધો હતો. મોટા વરાછા વિસ્તારમાં આવેલા દરબાર ફળિયામાં 39 વર્ષીય ગિરીશ ગણપત પરમાર, બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો. ગિરીશ છૂટક મજૂરી કામ કરીને પરીવારનું ગુજરાન ચલાવતો હતો. પરંતુ તે છેલ્લા કેટલાક સમયથી યોગ્ય કામ ધંધો કરતો ન હતો. જેથી પરિવારજનોએ તેને ઠપકો આપ્યો હતો. જે વાતનું માઠું લાગી આવતા ગિરીશે મંગળવારે સવારે મોટા વરાછા લજામણી ચોક પાસે સવજી કોરાટ બ્રિજ ઉપરથી તાપી નદીમાં પડતું મૂકીને આપઘાત કરી લીધો હતો.

## મગદલ્લામાં 67.33 લાખના ખર્ચે ક્રિકેટ ગ્રાઉન્ડ બનાવાશે

સુરતઃ સ્માર્ટ સિટી સુરતના રમતગમતના માળખાને વધુ મજબૂત બનાવવાના હેતુથી સુરત મહાનગરપાલિકા દ્વારા એક મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. શહેરના અઠવા ઝોનમાં સમાવિષ્ટ રૂંઢ-મગદલ્લા વિસ્તારમાં એક અત્યાધુનિક ક્રિકેટ ગ્રાઉન્ડ તૈયાર કરવાની દરખાસ્ત શાસકો સમક્ષ રજૂ કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ પાછળ અંદાજે 67.33 લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે, જેનાથી સ્થાનિક યુવા ખેલાડીઓને પ્રેક્ટિસ માટે ઉત્તમ સુવિધા મળી રહેશે. અઠવા ઝોનની ટી.પી. સ્કીમ નંબર 4 (રૂંઢ-મગદલ્લા) માં આવેલા ફાઈનલ પ્લોટ નંબર 70ની અનામત જગ્યા પર આ ગ્રાઉન્ડ બનાવવાનું આયોજન છે. આ મેદાનમાં ક્રિકેટની પિચ, આઉટફિલ્ડ અને અન્ય આનુષંગિક સુવિધાઓ વિકસાવવામાં આવશે. સુરત મહાનગરપાલિકા દ્વારા છેલ્લા કેટલાક સમયથી શહેરના વિવિધ ઝોનમાં ખાલી પડેલા પ્લોટો પર રમતગમતના મેદાનો બનાવવાની કવાયત તેજ કરવામાં આવી છે, જેથી શહેરીજનોને મનોરંજનની સાથે ફિટનેસ માટે યોગ્ય પ્લેટફોર્મ મળી રહે. અઠવા ઝોન વિસ્તારમાં યુવાનો અને બાળકો માટે આ નવું ક્રિકેટ ગ્રાઉન્ડ આકર્ષણનું કેન્દ્ર બનશે.

### શિયાળાની ઠંડીમાં દરિયાઈ પક્ષી સીગલ સુરતના પ્રવાસે



શિયાળા દરમિયાન, ઘણા સીગલ પક્ષીઓ લાંબી યાત્રા કરીને ગુજરાત જેવા દરિયાકાંઠાના વિસ્તારોમાં આવે છે, સુરતમાં પણ હાલમાં મોટી સંખ્યામાં સીગલ જોવા મળી રહ્યા છે. કોઝવે પર સીગલ પક્ષીઓના મોટા ઝૂંડને જોવા સાથે મોબાઈલમાં તસવીર લેવાની મજા સુરતીઓ લઈ રહ્યા છે. (તસવીરઃ સતીષ જાદવ)

## બરોડા પ્રિસ્ટેજ પાસે બીજા માળેથી પટકાતા 4 વર્ષની બાળકીનું મોત

સુરતઃ બરોડા પ્રિસ્ટેજ પાસે બીજા માળેથી નીચે પટકાતા 4 વર્ષની બાળકીનું મોત થયું હતું. મૂળ બિહારના વતની, પારસ રામ હાલ વરાછા બરોડા પ્રિસ્ટેજ પાસે આવેલ ઘનશ્યામનગરમાં પરિવાર સાથે રહે છે. તે સાડીના ખાતામાં નોકરી કરીને પરીવારનું ગુજરાન ચલાવે છે. ગત 11મી જાન્યુઆરીના રોજ બપોરે તેના સંતાન પૈકી 4 વર્ષીય રાધા ઘરના બીજા માળેથી રમતાં-રમતાં નીચે પડી ગઈ હતી. જેથી તેને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. તેમજ વધુ સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં લઈ આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન આજે સવારે રાધાનું મોત નીપજ્યું હતું.

# 10 વર્ષના બાળક સહિત પરિવાર પર પડોશીનો ચપ્પુથી હુમલો

**પાલનપોરમાં** બનેલી ઘટનામાં 10 વર્ષના બાળકને સામાન્ય ઇજા થઇ, જ્યારે તેના પિતાને છ ટાંકા આવ્યા

સુરતઃ પાલનપોર ગામમાં એક સામાન્ય બોલાચાલી હિંસક સ્વરૂપ ધારણ કરતા મહિલા પટાવાળા અને તેમના પરિવાર પર ચપ્પુથી હુમલો થવાની ગંભીર ઘટના સામે આવી છે. મૂળ અમદાવાદના ધંધુકાના મિરાવાળી ફળિયાના અને હાલ પાલનપોર ગામના નિશાળ ફળિયામાં રહેતા આશાબેન અશોકભાઈ મકવાણા પાલનપોર ગામમાં આવેલી કવિશ્રી પ્રાથમિક શાળા નં. 318માં પટાવાળા તરીકે નોકરી કરે છે.

ફરિયાદ મુજબ, ગત તા. 17-01-2026ના રોજ બપોરે આશાબેન પોતાના ઘરે હાજર હતા ત્યારે પાડોશી રાજેશભાઈ લકુમનો ફોન આવ્યો હતો અને તાત્કાલિક ઘરે આવવાનું કહ્યું હતું. આશાબેન પોતાના દસ વર્ષના દીકરા સોહમને સાથે લઈ રાજેશભાઈના ઘરે પહોંચ્યા હતા. થોડા સમય બાદ તેમના પતિ અશોકભાઈ પણ ત્યાં પહોંચી ગયા હતા.

તે સમયે રાજેશભાઈ લકુમે અચાનક જ ગાળાગાળી શરુ કરી હતી અને રસોડમાંથી ચપ્પુ લઈ આવી આશાબેનના પતિ અશોકભાઈ પર હુમલો કર્યો હતો. જેમાં અશોકભાઈની આંગળી પર ઈજા થતાં લોહી વહેવા લાગ્યું હતું અને તેમને છ ટાંકા આવ્યા હતા. જ્યારે તેમના પુત્ર સોહમને પણ ઈજા પહોંચી હતી. પાલ પોલીસે આશાબેન મકવાણાની ફરિયાદના આધારે આરોપી રાજેશભાઈ લકુમ સામે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

## મીની બજારના વેપારી સાથે રૂ. 36.49 લાખની ઠગાઈ

**હીરા** જાંગડમાં લીધા બાદ બે ઠગ વેપારીઓએ પેમેન્ટ નહીં કર્યું

સુરતઃહીરા ઉદ્યોગની પ્રતિષ્ઠિત વરાછા મીની બજાર સ્થિત ડાયમંડ વર્લ્ડમાં વ્યવસાયના નામે મોટી રકમનું ચુકવણું અટકાવી ઠગાઈ કર્યાનો ગંભીર મામલો સામે આવ્યો છે.અલથાણ સિટી લાઈટ રોડ વિસ્તારમાં રહેતા હીરા વેપારીએ બે વેપારીઓ સામે લાખો રૂપિયાની રકમ બાકી રાખી વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ નોંધાવી છે.

અલથાણ સિટી લાઈટ રોડ, મેઘના રો-હાઉસના બંગલા નં. 06માં રહેતા નીલેશભાઈ મધુભાઈ સુખડિયા (ઉ.વ. 46) છેલ્લા 25 વર્ષથી હીરા અને દાગીનાના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેઓ વરાછા મીની બજાર સ્થિત ડાયમંડ વર્લ્ડમાં 'રુદ્રમ જ્વેલ' નામે હીરા તથા દાગીનાનું મેન્યુફેક્ચરિંગ તેમજ લે-વેચનું કામ કરતા હતા. તેઓ કપીલ વિનોદભાઈ ગુંદીગરા (રહે. સિલ્વર પ્લાઝા, શિરડીધામ સોસાયટી નજીક, લક્ષ્મી હોટેલ પાછળ, વરાછા) તથા કરણભાઈ શાહ (રહે. વિશ્રાંતી એપાર્ટમેન્ટ, દિવ્યા શૂઝ શોપ પાસે, ચિલ્ડ્રન પાર્કની બાજુમાં, અડાજણ) સાથે પણ વેપાર કરતાં હતાં. શરુઆતમાં આ બંને હીરા અને દાગીના ખરીદીને સમયસર પેમેન્ટ કરી દેતા હતાં. ત્યારબાદ તેમણે 36,49,076ના હીરા બંનેને જાંગડ પર આપ્યા હતા. તે સમયે તેમણે બે દિવસમાં પેમેન્ટ કરી દેવાની ખાતરી આપી હતી. પરંતુ નાણા નહીં મળતા અંતે 20 સપ્ટેમ્બર 2024ના રોજ રૂ. 30 લાખ ચૂકવવાની ખાતરી આપી હતી ત્યારબાદ પણ નાણાં નહીં મળતા તેમણે આ બંને ઠગ વેપારી સામે ઠગાઈની ફરિયાદ કરી હતી.

# ખટોદરામાં દોડતી 60 લાખની કિયા કાર્નિવલ કાર આગમાં સ્વાહા

**બોનેટમાંથી** ધુમાડા નીકળતા સમયસૂચકતા દાખવી ચાલક બહાર નીકળી જતાં બચાવ



સુરતઃ સુરતના ખટોદરા વિસ્તારમાં આજે બપોરે એક ચોંકાવનારી ઘટના સામે આવી હતી. ખટોદરા કોમ્યુનિટી હોલ પાસે આવેલા ચોસઠ જોગણી માતા મંદિર રોડ પર દોડી રહેલી 60 લાખ રૂપિયાની લક્ઝુરિયસ કિયા કાર્નિવલ કારમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. ચાલુ ગાડીમાં આગ લાગતા વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. સદનસીબે, ચાલકે સમયસૂચકતા દાખવી તાત્કાલિક કારમાંથી બહાર નીકળી જતા કોઈ જાનહાનિ થઈ નથી.

મળતી માહિતી મુજબ, કાર રોડ પરથી પસાર થઈ રહી હતી ત્યારે તેના આગળના બોનેટ ભાગમાંથી અચાનક ધુમાડો નીકળવા લાગ્યો હતો. ડ્રાઈવર કંઈ સમજે તે પહેલાં જ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. પરિસ્થિતિની ગંભીરતા સમજીને ચાલકે ગાડી તરત સાઈડમાં ઊભી રાખી પોતાનો બચાવ કર્યો હતો. આગ લાગતા જ આસપાસના લોકો મદદ માટે દોડી આવ્યા હતા. સ્થાનિક નાગરિકોએ પોતાના સ્તરે ફાયર એક્સટિંગ્યુશર વડે આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર ફાઈટરોએ ભારે જહેમત બાદ ગણતરીની મિનિટોમાં જ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હતો, જેથી આગ અન્ય વાહનો અથવા આસપાસના વિસ્તારમાં ફેલાય તે પહેલાં જ મોટી હોનારત ટળી હતી. ભીષણ આગના કારણે કિયા કાર્નિવલ સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી. કારની કિંમત અંદાજે 60 લાખ હોવાનું જણાવવામાં આવ્યું છે.

# અમરોલી-કતારગામ જૂનો બ્રિજ રિપેરિંગ કરાશે

**રૂ. 73.62** નો ખર્ચ થશે. રિહેબિલિટેશનની આ અગત્યની કામગીરી સોંપવા સ્થાયી સમિતિ સમક્ષ દરખાસ્ત રજૂ

સુરતઃ સુરત મહાનગરપાલિકાના દ્વારા શહેરના અમરોલી વિસ્તારમાં તાપી નદી પર આવેલા શ્યામજી ક્રિષ્ના વર્મા હાઈ લેવલ બ્રિજના સમારકામ અને રિહેબિલિટેશન માટેની કામગીરી હાથ ધરવામાં આવી છે. રાજ્યમાં બ્રિજની 2-3 મોટી દુર્ઘટના બાદ સરકાર દ્વારા તમામ બ્રિજોનો સર્વે કરવા ફરમાન કર્યા બાદ, બ્રિજની ચકાસણી કરી તાકીદે રીપેર યોગ જણાતા બ્રિજના સમારકામ કરવામાં આવી રહ્યા છે. ત્યારે સિટી ઓફ બ્રિજ તરીકે જાણીતા સુરત શહેરમાં તમામ પુલોની નિયમિત ચકાસણી કરવામાં આવે છે, જે અંતર્ગત આ બ્રિજમાં રિપેરિંગની જરૂરિયાત જણાતા તંત્ર દ્વારા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાઈ હતી.

આ બ્રિજના રીપેરીંગ કામ માટે વહીવટી તંત્ર દ્વારા રજૂ કરવામાં આવેલી દરખાસ્ત મુજબ, આ બ્રિજની રિપેરિંગ કામગીરી માટે રૂા. 73.62 નો ખર્ચ થશે. બ્રિજના રિહેબિલિટેશનની આ અગત્યની કામગીરી સોંપવા માટે હાલમાં સ્થાયી સમિતિ સમક્ષ દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. સ્થાયી સમિતિની મંજુરી બાદ આશરે 74 લાખના ખર્ચે બ્રિજનું નવિનીકરણ શરૂ કરવામાં આવશે.

## આહિર સમાજ સેવા સમિતિનો 32મો સમૂહલગ્ન સમારોહ

**૧૯૪** નવયુગલ પ્રભુતામાં પગલા માંડશે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત મહાનુભવો નવયુગલોને આશીર્વાદ આપશે





સુરતઃ આહીર સમાજ સેવા સમિતિ સુરત દ્વારા ગોડાદરા ખાતે 32માં સમૂહલગ્ન સમારોહનું આયોજન તા. ૨૩મી જાન્યુઆરીએ કરવામાં આવી રહ્યું છે. જેમાં ૧૯૪ નવયુગલો પ્રભુતામાં પગલા માંડશે તેમ સંસ્થાના પ્રમુખ જીતુભાઈ કાછડે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું. નવયુગલોને આશિર્વાદ પાઠવવા ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી, શિક્ષણ મંત્રી ત્રિકમભાઈ છાંગા, ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જગદિશભાઈ વિશ્વકર્મા, રઘુભાઈ હુંબલ, ધારાસભ્ય મુળુભાઈ બેરા, સાંસદ પુનમબેન માડમ, ઉદયભાઈ કાનગડ, નટુભાઈ ભાટુ, આર. એચ. હડિયા, હરીભાઈ નકુમ, મગનભાઈ જીંજાળા, ડાયાભાઈ ગુદરાસીયા, ભીમજીભાઈ કવાડ, મોહનભાઈ પરડવા, મનુભાઈ બલદાણીયા, મનુભાઈ મક્વાણા, કાળુભાઈ કલસરીયા, મેરામણભાઈ ઘીવાળા, બાબુભાઈ રામ, મનિષાબેન આહીર, વર્ષાબેન બલદાણીયા તથા ગુજરાતના 300 આગેવાનો ઉપસ્થિત રહી સમારોહની શોભા વધારશે. સમારોહના સંપૂર્ણ ભોજન ખર્ચના દાતા તરીકે પરેશભાઈ દાનાભાઈ ફાફડાવાળા પરીવાર દ્વારા દાન પ્રાપ્ત થયેલ છે, આ સમારોહમાં એક લાખ કરતાં વધારે લોકો ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં અનેકવિધ કાર્યક્રમોને આવરી લેવામાં આવ્યા છે.

# ચોર પકડાયો ત્યારે માલિકને બાઈક ચોરી થયાની ખબર પડી!

**માલિક** અડાજણમાં બાઇક પાર્ક કરીને બહાર ગામ ચાલ્યા ગયા હતા

સુરત : મોટરસાઈકલ ચોરાઈ ગયા બાદ ચોર પકડાયો ત્યારે પરિવારને ખબર પડી હતી કે બાઈક ચોરાઈ ગઈ હતી. લસકાણા ગામ આહિર સમાજની વાડીની બાજુમાં આવેલી મફતનગર સોસાયટીમાં રહેતા વિશાલ રાજેન્દ્રભાઈ યાદવ રત્ન કલાકાર છે. તેમના ભાઈ વિકાસ યાદવ અડાજણ સ્થિત ધ ગેલેરીયા શોપિંગ હબમાં આવેલા ‘આઈકોનિક ફિલ્મ્સ એન્ડ ફોટોગ્રાફી’ સ્ટુડિયોમાં નોકરી કરે છે.ફરિયાદ મુજબ ગત તા. 01/11/2025ના રોજ વિકાસ યાદવે પોતાના ભાઈ વિશાલની મોટરસાઈકલ (નં. GJ-05-HY-3637) ઓફિસના પાર્કિંગમાં પાર્ક કરી હતી. ત્યારબાદ સ્ટુડિયોના કામ અર્થે સુરત શહેરની બહાર ચાલ્યા ગયા હતા. તા. 15/01/2026ના રોજ ઉમરા પોલીસ સ્ટેશનમાંથી એક પોલીસ કર્મચારીનો વિશાલ યાદવ પર ફોન આવ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે પ્રતાપસિંહ ઉર્ફે બબલુ પ્રહલાદસિંહ ચૌહાણ (ઉ.વ. 45, ધંધોઃ ડ્રાઈવર, રહે. અનુપન સિટી ફ્લેટ, હુંડી ગામ, જીઆવ પાસે, પાંડેસરા, સુરત; મૂળ ભદેશ, તા. અકબરપુર, ઉત્તર પ્રદેશ) નામના ઈસમે તેમની મોટરસાઈકલ ચોરી કરી હોવાનું ખુલ્યું છે. આરોપી અન્ય ગુનામાં પકડાયા બાદ પૂછપરછ દરમિયાન આ ચોરીની કબૂલાત કરતા સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો. અડાજણ પોલીસે ઉમરા પોલીસ પાસે આરોપીનો કબ્જો લઈ વધુ તપાસ હાથ ધરી છે.

**Dakshin Gujarat Vij Company Limited**
CIN U40102GJ2003SGC042909
**Kadodara Division**
GETCO 66 KV SS Compound, Kadodara, Surat 394 327
DGVCL Toll Free No. 19123 (or 1800 233 3003)

**Tender Notice**

Tenders are invited from registered contractors for (1) Supply, installation, testing & commissioning earthing system for transformer center with maintenance free, Ready capsules, Pipe in Cage (PIC) type earthing and connection to the various parts of transformer center using GI strip and GI nut bolt under various Schemes for all sub-divisions under Kadodara Division. For further details & download, please visit tender.dgvcl.com & https://tender.nprocure.com.

**EE (O&M), Kadodara Division Office, DGVCL.**

Install MCB/ ELCB/ RCCB & Prevent Electric Shocks/ Electrical Accidents

**ભરૂચ નિર્દિષ્ટ વિસ્તાર**
**મુખ્ય અધિકારીશ્રી ની કચેરી**
**ફોન નં.(૦૨૬૪૨)૨૪૫૫૯૬**
**નિવિદાનં.૦૩/૨૦૨૫-૨૬**

મુખ્ય અધિકારી, નિર્દિષ્ટ વિસ્તારની કચેરી, એપેક્ષ હોટલ નજીક, પ્લોટ નં. ૬૯, ફેઝ- ૧, નર્મદા નગર, જીઆઇડીસી, ભરૂચ, તરફ થી જીઆઇડીસી, ગુજરાત રાજ્ય જાહેર બાંધકામ વિભાગ, હાઉસીંગ બોર્ડ અને જાહેર આરોગ્ય ખાતા ની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ યાદીનાં કોન્ટ્રાક્ટરો પાસે થી જુદા જુદા કામો નાં ટેન્ડરો જેની અંદાજીત કીંમત રૂ! ૩.૬૩ લાખ થી ૪૧.૧૭ લાખ છે તે મંગાવવામાં આવેલ છે.

| અ. નં. | ઓન લાઈન | |
|---|---|---|
| ૧ | ટેન્ડર | આ ટેન્ડર ફક્ત ઓન લાઈન તા. ૨૩/૦૧/૨૦૨૬ થી ૦૫/૦૨/૨૦૨૬ ના ૧૭-૦૦ કલાક સુધી વેબ સાઈટ https://tender.nprocure.com, GEM Portal અને www.statetenders.gujarat.gov.in |

આ કામના ઓનલાઈન માટે ના બીજા દસ્તાવેજી પુરાવા, બાનાની રકમ, ટેન્ડર ફી, રજીસ્ટ્રેશન ની કોપી વિગેરે તા. ૦૬/૦૨/૨૦૨૬ થી તા. ૦૭/૦૨/૨૦૨૬ ના ૧૭-૦૦ કલાક સુધીમાં સ્પીડ પોસ્ટ/કુરિયર/હેન્ડ ડીલીવરી થી મળે તે રીતે મુખ્ય અધિકારી, નિર્દિષ્ટ વિસ્તારની કચેરી, જીઆઇડીસી, ભરૂચની કચેરી ને મોકલવા. ટેન્ડર ઓપનીંગ તા. ૦૯/૦૨/૨૦૨૬ રોજ ૧૨-૦૦ કલાકે ખોલવામાં આવશે.

આ કામની નિવિદા ઓફીસનાં નોટીસ બોર્ડ ઉપર તેમજ વેબસાઈટ https://tender.nprocure.com, GEM Portal અને www.statetenders.gujarat.gov.in માં જોવા મળશે. વધુ માહીતીની જરૂરીયાત હોય તો મુખ્ય અધિકારી, નિર્દિષ્ટ વિસ્તારની કચેરી, જીઆઇડીસી, ભરૂચની કચેરી (ફોન ૦૨૬૪૨-૨૪૫૫૯૬) ખાતે કામકાજ ના સમય દરમ્યાન મેળવી શકશે.

સહી/-
મુખ્ય અધિકારી (નિ.વિ.),
જીઆઇડીસી,ભરૂચ/પાલેજ.

માહિતી/ભરૂચ/૭૧૭/૨૦૨૬